# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા : ૨૬/૬/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# રિસર્ચ એનાલિસિસનો ડેટા હોય અને માર્કેટીંગ ટીમ મજબુત હોય તો સ્ટાર્ટ–અપ સફળ થઇ જાય છે : શાશ્વત નાકરાણી

**<u>ભારતની પ્રથમ નોન બેન્કીંગ ફાયનાન્સ એપ 'ભારત પે' નામથી સફળ સ્ટાર્ટ–અપ શરૂ કરનારા ભાવનગરના શાશ્વત નાકરાણીએ ચેમ્બરમાં યુવા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું</u>**

**સુરત.** ભારતની પ્રથમ નોન બેન્કીંગ ફાયનાન્સ એપ 'ભારત પે' નામથી સફળ સ્ટાર્ટ–અપ શરૂ કરનારા ભાવનગરના શાશ્વત નાકરાણીએ આજરોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાત લીધી હતી. 'ભારત પે' એપના કો–ફાઉન્ડર શાશ્વત નાકરાણીએ ચેમ્બરમાં યુવા ઉદ્યોગ સાહસિકોને સ્ટાર્ટ–અપ શરૂ કર્યા બાદ તેમાં સફળ કેવી રીતે થઇ શકાય છે? તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

શાશ્વત નાકરાણીએ જણાવ્યું હતું કે, ચાર વર્ષ પહેલાં ૧૯ વર્ષની ઉંમરે પહેલું સ્ટાર્ટઅપ 'બુક માય હેર કટ' શરૂ કર્યું હતું. ઘરે ઘરે જઇને વાળંદ હેર કટ કરતા હતા તે જોઇને આવો આઇડિયા આવ્યો હતો અને સ્ટાર્ટઅપ શરૂ કર્યું હતું, પરંતુ તેમાં કોસ્ટ વધારે લાગતી હતી. આથી આ સ્ટાર્ટઅપ સફળ થયું ન હતું. પરંતુ રિસર્ચ એનાલિસિસનો ડેટા હોય અને માર્કેટીંગ ટીમ મજબુત હોય તો તમે બીજું સ્ટાર્ટ–અપ શરૂ કરી તેમાં સફળ થઇ શકો છો. આથી નાના દુકાનદારો અને ગ્રાહકોને ફાયદો કેવી રીતે થાય તે દિશામાં વિચાર કરીને બીટુબી કંપની

શરૂ કરવાનું નકકી કર્યું હતું. હવે નવા સ્ટાર્ટ–અપ તરીકે યુપીઆઇ અને કાર્ડ મશીન આધારીત ‘ભારત પે’ એપ લોન્ચ કરી છે.

‘ભારત પે’ એપ થકી વિનામૂલ્યે રૂપિયાનું ટ્રાન્ઝેકશન કરી શકાય છે અને નાના દુકાનદારોને આ સ્ટાર્ટ–અપ બિઝનેસ માટે ધિરાણ આપે છે. તેમના સ્ટાર્ટ–અપનું ફોકસ નાના દુકાનદારોને લોન આપવાનું છે. આથી દુકાનદારોના ટ્રાન્ઝેકશનના આધારે તેઓને મહિને ર ટકાના વ્યાજે ધિરાણ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ભારતના ૧૦૦ જેટલા શહેરોમાં નાના દુકાનદારોને ધિરાણ આપી શકયા છે. ‘ભારત પે’ સ્ટાર્ટ–અપનું હાલમાં ૭ હજાર કરોડનું નેટવર્થ છે. કંપની આગળ વધે અને બિઝનેસ ગ્રો થાય તે દિશામાં પ્રયાસ કરીએ છીએ. તેમણે કહયું કે, તેમના સ્ટાર્ટ–અપ માટે રોકાણકારો સારા મળ્યા છે. ફંડ રેઝીંગમાં કોઇ સમસ્યા ઉભી થઇ નથી અને તેઓ કયારેય વેલ્યુએશન નેગોશિએટ કરતા નથી.

તેમણે કહયું કે, હવે તેમનું સ્ટાર્ટ–અપ ઓટોપાયલટ મોડ ઉપર ચાલે છે. દેશભરમાં ૪૦૦ જેટલા લોકોને આ સ્ટાર્ટ–અપ થકી રોજગારી મળી છે. કોરોના કાળમાં હવે તેમના દ્વારા કાર્ડ મશીન તરીકે નવું મોડલ લોન્ચ કરવામાં આવ્યું છે અને સાત મહિનામાં એક લાખ કાર્ડ મશીન ડિસ્ટ્રીબ્યુટ થયા છે. શાશ્વત નાકરાણીના માતા–પિતા ભાવનગરમાં શિક્ષક છે અને તેમને ટેકસટાઇલ એન્જીનિયર સુધીનો અભ્યાસ કર્યો છે. સ્ટાર્ટ–અપ માટેનો આઇડિયા આપ્યા બાદ તેમને અમદાવાદ આઇ.આઇ.ટી.માં ટ્રેનીંગ લીધી હતી.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અંતે ચેમ્બરના માનદ્‌ ખજાનચી મનિષ કાપડીયાએ સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.